ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### વડોદરાના સાડા ત્રણ વર્ષના બાળકને અમદાવાદના દંપતીને દત્તક આપતો હુકમ

વડોદરા : કલેક્ટર ડો. અનિલ ધામેલિયા દ્વારા જિલ્લા બાળ સુરક્ષા એકમ અને એલેમ્બિક સી.એસ.આર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સ્પેશ્યલાઈઝ અડોપ્શન એજન્સીના બાળકને અમદાવાદના દંપતીને વડોદરાના સાડા ત્રણ વર્ષના બાળકને દત્તક આપતો હુકમ એનાયત કરવામાં આવ્યો છે. કલેક્ટર દ્વારા જુવએનાઇલ જસ્ટિસ એક્ટ-૨૦૧૫ તથા એડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ની જોગવાઈ મુજબ દત્તક ઇચ્છુક દંપતી શ્રી નિરવભાઈ પટેલ અને ઉષાબેન પટેલ, રહેવાસી અમદાવાદને સ્પેશ્યલાઈઝ અડોપ્શન એજન્સી, વડોદરાના સાડા ત્રણ વર્ષના એક બાળકને દત્તકમાં આપી દત્તકનો હુકમ આપવામાં આવ્યો હતો.

### વડોદરા જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

વડોદરા : વડોદારા જિલ્લાના અરજદારોની રજૂઆતોના સરળ નિરાકરણ અર્થે મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા. ૨૪/૦૪/૨૦૨૫ ને ચોથા ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવામાં આવશે. જેથી સંબંધિત નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના) પ્રશ્નો લેખિતમાં તા. ૧૦/૦૪/૨૦૨૫ સુધીમાં રૂબરૂમાં રજૂ કરવાના રહેશે. અરજી ઉપર 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' ના મથાળા હેઠળ એવુ સ્પષ્ટ દર્શાવવું. તા. ૧૦/૦૪/૨૦૨૫ સુધીમાં મળેલી અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.

### દૂધ અને દૂધ ઉત્પાદક ઓપરેટર્સ માટે બે વર્ષમાં 552થી ઉછળીને 7,109 પર પહોંચી ગયો

વડોદરા : દેશમાં દૂધ અને દૂધની પેદાશોમાં નિયમભંગ બદલ કસૂરવાર ફૂડ ઓપરેટર્સને કરાતી સજા અને દંડનો આંક બે વર્ષના સમયગાળામાં જ 13 ગણો વધી ગયો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ (FSSAI) પૂરી પાડેલી વિગતો અનુસાર, વર્ષ 2021-22માં દૂધ અને દૂધની પેદાશોના કુલ 552 ઓપરેટર્સને નિયમભંગ બદલ સજા અને દંડ કરવામાં આવ્યા હતા. જો કે, વર્ષ 2022-23ના અંતે આ આંક વધીને 6,953 કેસનો થઇ ગયો હતો અને 2023-24નું વર્ષ પૂર્ણ થતા સુધીમાં તો તે 7,109 થયો હતો. આ પ્રકારે જ, આવા ઓપરેટર્સ સામે કરાયેલા કેસની સંખ્યા પણ 2021-22માં 3,959 હતી તે 2022-23માં 10,381 અને 2023-24ના અંત સુધીમાં વધુ ઉછાળા સાથે 14,384 પર પહોંચી ગઇ છે. રાજ્યકક્ષાના કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરીઉદ્યોગ મંત્રી, પ્રો. એસ.પી.સિંઘ બઘેલે રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં 2 એપ્રિલ, 2025ના રોજ રાજ્યસભામાં આ માહિતી પ્રસ્તુત કરી હતી. મંત્રીશ્રીએ જણાવેલી વિગતો અનુસાર, દેશમાં દૂધાળા ઢોરની સંખ્યામાં પણ સતત વૃદ્ધિ જોવા મળી રહી છે. ભારતમાં દૂધાળા ઢોરની કુલ સંખ્યા 2021-22માં 14.50 કરોડની હતી જે 2023-24ના અંતે વધીને 15.58 કરોડે પહોંચી ગઇ હતી. બીજીતરફ ગુજરાતમાં પણ દૂધાળા ઢોરની સંખ્યા આ સમયગાળા દરમિયાન 93 લાખથી વધીને 96 લાખને પાર કરી ચૂકી છે.

### ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા ઝાલોદ થી ગામડીને જોડતાં રસ્તાનું ખાતમુહૂર્ત



ઝાલોદ : ઝાલોદ ના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા આજરોજ મંગળવારના રોજ ઝાલોદ થી ગામડી સુધીના રસ્તાનું આજરોજ ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા ના વરદ હસ્તે 11.2 કિ.મી રસ્તા નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.ઝાલોદ થી ગામડી સુધીના રસ્તાને બનાવવા માટે 5.71 કરોડના ખર્ચે ગ્રાન્ટ ગુજરાત સરકાર પાસે પાસ કરાવી આ વિસ્તારોમાં રસ્તાનું રિસરફેંસિંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ ઝાલોદ થી ગામડી રોડનું 00.00.કીમી થી 11.200 કિ.મી રોડનું ખાતમુહૂર્ત-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ઝાલોદ 130 વિધાનસભાનાં ધારાસભ્યશ્રી ના વરદહસ્તે ઝાલોદ થી ગામડી ખાતે જોડાતા રસ્તાનુ કરાયું ખાતમુહૂર્ત. કુલ 5.71 કરોડના ખર્ચ રોડનુ રીસરફેસિંગ કરાશે. લાંબા સમયથી લોકોની માંગણીને પગલે ધારાસભ્ય દ્વારા કરાયું રોડનુ ખાતમુહૂર્ત માર્ગ અને મકાન વિભાગ હસ્તક રોડનુ ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા કરાયું ખાતમુહૂર્ત. સ્વાગત આ વિસ્તારની સાન એવું ઢોલ કુંડી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.આ વિસ્તારમાં પહોંચતા બહેનો દ્વારા કુમકુમ ચાંદલો કરી મહેશ્વરી અને આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ પૂજા અર્ચના કરી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિસ્તારોમાં બાળકીઓ દ્વારા પ્રાર્થના ગીત તેમજ સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

---

બેલિસ્ટિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટનલની અંદર રેલ્વે ટ્રેક બનાવવામાં આવશે

# ઈન્દોર-દાહોદ રેલ પ્રોજેક્ટ ટનલનું 70% કામ પૂર્ણ થયું

**ટીહીથી** પીથમપુર સુધીના 6 કિમીના ટ્રેક પર રેલ લોડરથી પાટા નંખાઇ રહ્યા છે


(પ્રતિનિધિ) દાહોદ, તા.2

દાહોદ સહિત ઈન્દોર દાહોદ રેલ પ્રોજેક્ટમાં સામેલ આસપાસના લોકો વર્ષોથી ટ્રેનની રાહ જોઈ રહ્યા છે. લોકોને આશા છે કે રેલ પ્રોજેક્ટ પર થોડું કામ 2026 માં પૂર્ણ થશે. જોકે, આ કામ જે ગતિએ ચાલી રહ્યું છે તે જોવું રહ્યું. આ કામ 2026 માં પૂર્ણ કરવું શક્ય નથી. છેલ્લા કેટલાક દિવસોમાં રેલવેએ પોતાનું કામ ઝડપી બનાવ્યું છે. રેલવે દ્વારા બનાવવામાં આવી રહેલા ઓવર બ્રિજ, માટીકામ અને અન્ય કામોના કામને વેગ મળ્યો છે. અહીં, રેલવેએ ટીહી અને પીથમપુર વચ્ચે એન્જિનની મદદથી પાટા નાખવાનું કામ શરૂ કર્યું હોવાથી, લોકોને આશા છે કે ટ્રેન ટૂંક સમયમાં ધાર પહોંચશે. જોકે પહેલા આ ટ્રેન ધારથી સરદારપુર થઈ ખડબોર વન અભ્યારણમાંથી પસાર થવાની હતી પરંતુ ફોરેસ્ટની મંજૂરી ના અભાવે અહીંયા ગ્રાસ રૂટ લેવલ પર કામ થઈ શક્યું નથી. જેના પગલે જાબવા ના રંગપુરા થી ધાર વચ્ચે જમીન હતી ગ્રહણ બાકી રહ્યું હતું. ત્યારબાદ છેલ્લે રેલવે આ પ્રોજેક્ટ ને ઝડપથી પૂર્ણ કરવા માટે એલાઈમેન્ટ ચેન્જ કર્યું છે અને નવેસરથી ટેન્ડરિંગ કરી નોટિફિકેશન બહાર પાડ્યું છે અને નવા એલાઈમેન્ટમાં સામેલ ગામોમાં જમીન અધિગ્રહણ માટે પણ જાહેરાત કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં રેલવે દ્વારા જમીન અધિકરણની કામગીરી શરૂ કરવામાં આવશે. જે બાદ નવેસરથી ટેન્ડરિંગ કરી રીલ પ્રોજેક્ટને પૂર્ણ કરવાની દિશામાં કામ આગળ વધશે.

પરંતુ આ કામને ઘણો સમય લાગશે. અને સંભવત હજી આ રીલ પ્રોજેક્ટને પૂર્ણરૂપથી શરૂ કરવા માટે લાંબા સમયની રાહ જોવી પડશે. જોકે દાહોદ-કતવારા સેક્શનમાં કામ પૂર્ણ થવાની તૈયારીમાં છે. થોડાક સમય પહેલા ડીઝલ એન્જિન દ્વારા ટ્રાયલ પણ કરવામાં આવ્યું હતુ અત્યારે ઓવર હેડ ઈલેક્ટ્રીક લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી છે. તેમજ કતવારાથી ઝાબુઆ સુધીના સેક્શનમાં એલાઈમેન્ટ તેમજ બ્રિજના કામ પૂરજોશમાં ચાલી રહ્યા છે. ત્યારબાદ રેલવે ટ્રેક પાથરવામાં આવશે અને દાહોદ ઝાબુઆ વચ્ચે કામ પૂર્ણ થયા બાદ ઈન્દોર દાહોદ રેલ પ્રોજેક્ટમાં સૌપ્રથમ દાહોદઝાબુઆ સેક્શન ચાલુ કરવાની દિશામાં રેલ્વે કામ કરી રહ્યું છે.

### સ્લીપર્સ પર નવા પાટા નાખવામાં આવે છે અને જૂના દૂર કરવામાં આવી રહ્યા છે

રેલવે દ્વારા ટીહી અને ધાર વચ્ચે અનેક સ્થળોએ માટીકામ કરવામાં આવ્યું છે. અહીં સ્લીપર્સ મૂક્યા પછી, તેના પર પાટા નાખવામાં આવ્યા હતા. આ ટ્રેક જૂનો છે જે રેલવે દ્વારા નાખવામાં આવ્યો છે. આમાં, કામ પૂર્ણ થયા પછી, અંતિમ સમયે એક મીટર લાંબો ટ્રેક નાખવામાં આવે છે. રેલ્વેએ ટીહી અને પીથમપુર વચ્ચે કામ શરૂ કરી દીધું છે. ૩ કિમી વિસ્તારમાં પાટા બદલવાનું કામ શરૂ થઈ ગયું છે. આ કામ ગુડ્સ ટ્રેન દ્વારા કરવામાં આવી રહ્યું છે. લાંબી માલગાડીઓમાં પાટા જોડાયેલા હોય છે. મશીનની મદદથી, ટ્રેકને જમીન પર લાવવામાં આવે છે, ત્યારબાદ કામદારો તેને સાધનો વડે ઠીક કરે છે. રેલવે નિષ્ણાત ડો. દીપક નાહરે જણાવ્યું હતું કે લુધિયાણાથી એક એન્જિન સાબરમતીથી તીહીથી માલગાડીમાં ટનલ તરફ પાટા લાવ્યું હતું. આમાં, તેહી ટનલમાં પહેલાથી જ બિછાવેલા ટ્રેક વચ્ચે ટ્રેક નાખવામાં આવી રહ્યા છે.



રતલામ મંડળે સ્વયં સંચાલિત બ્લોક સિગ્નલિંગ વ્યવસ્થા લાગુ કરી

### રેલ્વે ટ્રાફિકની સલામતી, સુરક્ષા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.2



પશ્ચિમ રેલ્વેના રતલામ મંડળના ગોધરા-દાહોદ ખંડમાં કાંસુડી અને પીપલોદ સ્ટેશનો વચ્ચેના આશરે ૨૮ કિમીમાં ૨૮ માર્ચ, ૨૦૨૫ના રોજ સ્વયં સંચાલિત બ્લોક સિગ્નલિંગ પ્રણાલી કાર્યરત કરી છે. રતલામ મંડળે આ સ્વયં સંચાલિત બ્લોક સિગ્નલિંગ વ્યવસ્થા લાગુ કરીને રેલ્વે ટ્રાફિકની સલામતી, સુરક્ષા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કર્યો છે.

ગોધરા-દાહોદ ખંડના કાંસુડી, ચંચેલાવ, સંતરોડ અને પીપલોદ સ્ટેશનો વચ્ચેના આશરે ૨૮ કીમીમાં સ્વયં સંચાલિત બ્લોક સિગ્નલીંગ પ્રણાલી શરૂ થવાથી, ટ્રેનોની અવરજવરને સ્વયં સંચાલિત રીતે નિયંત્રિત કરીને ટક્કરનું જોખમ ઘટાડી શકાય છે. આ સાથે ટ્રેનો વચ્ચેનું અંતર ઘટાડીને સલામતી, કાર્યક્ષમતા અને ક્ષમતામાં વધારો થાય છે. આ પ્રણાલી એક જ વિભાગમાં વધુ ટ્રેનો ચલાવવાની મંજુરી આપે છે.

જેનાથી એકંદર ક્ષમતા વધે છે અને વધતી જતી પરિવહન માંગને પહોંચી શકાય છે. આ પ્રણાલી ટ્રેનોને સ્ટેશનોથી સમયસર રવાના થઈ શકશે. રતલામ મંડળે એક સાથે ૨૮ કિમીમાં સ્વયંસંચાલીત બ્લોક સિગ્નલિંગ પ્રણાલી લાગુ કરીને પ્રશ્ચિમ રેલ્વેમાં એક જ સમયે શરૂ કરવામાં આવેલો સૌથી લાંબો સ્વયંસંચાલિત બ્લોક સિગ્નલિંગ વિભાગ બનાવ્યો છે. કાંસુડી અને પીપલોદ સ્ટેશનો વચ્ચેની સ્વયંસંચાલિત બ્લોક સિગ્નલિંગ પ્રણાલી ૧૦૦% ક્ષમતા સાથે શરૂ કરવામાં આવી છે. જેમાં પાવર સપ્લાય અને અન્ય સંસાધનોની ઉત્તમ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી`. આનાથી રેલ્વે ટ્રાફિક સુરક્ષિત અને અવરોધ વિના ચાલતો રહેશે. રતલામ મંડળમાં નાગદાથી ગોધરા વચ્ચે સ્વયંસંચાલિત બ્લોક સિગ્નલિંગ પ્રણાલી લાગુ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૮ કિલોમીટરનો વિભાગ પૂર્ણ કરવામાં આવ્યો છે અને બાકીના વિભાગોમાં પણ ટુંક સમયમાં કાર્યરત કરાશે.

---

દાહોદના ભીલવાડામાં જુગાર પર પોલીસના દરોડા

## પોલીસે રેડ કરતા જુગારીઓમાં નાસભાગ મચી 1 ઝડપાયા, 6 ફરાર

**રૂા.11500** રોકડા અને પાનાપત્તા જપ્ત કરી એ ડિવિઝને 7 સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

દાહોદના ભીલવાડા તળાવ ફળિયામાં પોલીસે ઓચિંતો છાપો મારતા જુગારીઓના નાસભાગ મચી ગઈ ગઈ હતી. એક ખેલી ઝડપાઈ ગયો હતો. દાહોદ એ ડિવિઝન સ્ટાફના માણસો તકેદારી બંદોબસ્ત તેમજ દારૂ જુગારની કેશો શોધી કાઢવા માટે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ભીલવાડા તળાવ ફળિયામાં ચાંદનીબેન સુર્યા સાંસીના મકાનની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક લોકોને બેસાડી નાળ ઉઘરાવી પાના પત્તા વડે હારજીતનો જુગાર રમાડતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે બાતમીવાળી જગ્યાએ જુગારની રેઈડ કરતાં ઓચિંતી પોલીસને જોઈ ગોળુ કુંડાળુ રચી જુગાર રમી રહેલા ખેલીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં જયંતિ ઈશ્વર સાંસી રહે. ગોધરા રોડ હજારીયા ફળિયુને પકડી પાડ્યો હતો. જ્યારે ઉમેશ સાંસી, મોહન સાંસી, જીગુ સાંસી, વિશાલ મોહનિયા તથા શૈલેષ નામનો યુવક તમામ રહે. ભીલવાડા તળાવ ફળિયાનો નાસી ગયા હતા. દાવ પર લાગેલા 2,100 રૂપિયા તથા પાથરેલ ગોદડા નીચેથી રોકડા 9400 રૂપિયા મળી 11,500 રૂપિયા રોકડા તથા પાના પત્તા જપ્ત કરી ઝડપાયેલા એક સહિત સાત લોકો સામે જુગારનો ગુનો નોંધી દાહોદ એ ડિવિઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

### બ્રિટાનીયાના કર્મચારીઓની 9 દિવસથી હડતાળ છતાં કોઈ નિવેડો આવ્યો નથી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.2

ભરૂચના ઝઘડિયા ઔદ્યોગિક વસાહતમાં આવેલા બિસ્કિટ બનાવતી જાણીતી બ્રિટાનિયા કંપનીના 311 કર્મચારીઓએ પગાર વધારા સહિત અન્ય પડતર પ્રશ્નોને લઈ છેલ્લા 9 દિવસથી હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે ત્યારે કામદારોની વહારે સાંસદ મનસુખભાઈ વસાવા,ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા સહીત અન્ય સ્થાનિક આગેવાનો આવ્યા હતા. જેઓએ કંપની મેનેજમેન્ટ સાથે બેઠક કરી હતી અને મંગળવાર સુધીમાં કામદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવા ખાતરી કંપની દ્વારા આપવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ અગ્રણી શેરખાન પઠાણે દ્વારા કામદારો વતી જણાવવામાં આવ્યું હતું કે, કંપની સત્તાધીશો કામદારોની પગાર, મેડીકલ સહિતની જે જરૂરી માંગ છે તેને પુરી કરવામાં આવે અને જો માંગ ન સંતોષાય તો કંપનીને તાળાબંધીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

---

પોલીસે મહુડાનો ઘોળ નષ્ટ કર્યો, 10 વિરુદ્ધ ગુનો નોંધ્યો

## ઝાલોદના ખેડા ગામે દેશી દારૂની ભટ્ટીઓ પર પોલીસનો દરોડો

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ખેડા ગામની જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર લીમડી પોલીસે દરોડો પાડ્યો હતો. લગ્નસીઝન દરમિયાન દેશી દારૂની માંગ વધતા બૂટલેગરોએ જંગલ વિસ્તારમાં ભઠ્ઠીઓ શરૂ કરી હોય તેમ લાગી રહ્યુ છે.

પોલીસે બાતમીના આધારે એક સાથે 10 જેટલી દેશી દારૂની ભઠ્ઠીઓ પર રેડ કરી હતી. પોલીસને જોઈને તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે દુર્ગંધ મારતા પાણીમાં ઉતરીને મહુડાનો ઘોળ



ભરેલા કારબાનો નાશ કર્યો હતો. પોલીસે તમામ ભઠ્ઠીઓ તોડી નાખી હતી અને 10 આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી વિસ્તારના દેશી દારૂના બૂટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. એક તરફ ગુજરાતમાં દારૂની રેલમછેલ થાય છે ત્યારે અમુક કિસ્સાઓમાં લઠ્ઠાકાંડ જેવા બનાવો બનતા કેટલાય પરિવારો નિરાધાર બને છે ત્યારે પોલીસ આ તરફ કડક વલણ દાખવે તેવી લોકોમાં માંગ છે.

### સક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત સ્ટેટ રિસોર્સ પર્સન વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓની મુલાકાતે

(પ્રતિનિધિ) વડોદરા, તા.2




સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, ગાંધીનગર ખાતેથી સ્ટેટ રિસોર્સ પર્સન અતુલભાઈ પંચાલે સક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત વડોદરા તાલુકાની ઉંડેરા પ્રાથમિક શાળા અને વાઘોડિયા તાલુકાની રસુલાબાદ ન.વ. પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી.

જિલ્લા કક્ષાએથી ADPC (QEM) રાકેશ સુથાર, વડોદરા BRC Co. નરેન્દ્રસિંહ ઠાકોર, વાઘોડીયા BRC Co. રાજેશભાઈ પટેલ અને સ્થાનિક CRC Co. કૃણાલભાઈ જોશી શાળા મુલાકાતમાં જોડાયા હતા. શાળા મુલાકાતમાં મુખ્યત્વે બાલવાટિકા, સ્વઅધ્યયનપોથી, ચિત્રપોથી, પ્રવૃત્તિ રજીસ્ટર, શાળા પુસ્તકાલય, કોમ્પ્યુટર રૂમ, વિજ્ઞાનખંડ, LBD Lab, નવી આપવામાં આવેલ બેન્ચીસ, નવી ખુરશીઓ, ફાયર સેફટીના સાધનો, સેનિટેશન, સોલાર સીસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ, પ્લાન્ટેશન, મેદાન, શાળા પરિસરનો થયેલ વિકાસ, બાગ, બગીચા, સ્વચ્છતા માટેની વ્યવસ્થા, CSR અંતર્ગતની સુવિધાઓ, નિપુણ ભારત અંતર્ગત આપેલ સાહિત્ય વગેરે બાબતો ધ્યાને લઈ શાળા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ સાથે સક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં શાળાઓ ધ્વારા થયેલ કામગીરી સંદર્ભે અતુલભાઈ પંચાલે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી એમ.આર.પાંડે સાથે રૂબરૂ મુલાકાત કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

---

## ભરૂચ મર્ડર મિસ્ટ્રી : રૂ 4 લાખની લોનમાં મિત્રે જ આરી વડે મિત્રના 9 ટુકડા કર્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

ભરૂચ શહેરમાં દુધધારા ડેરી નજીક ABC કંપની જવાના રસ્તાની બાજુમાં તા-29મી માર્ચે ગટરમાંથી શ્વાન કોઈ અજાણ્યા પુરૂષનું માથુ ખેંચી લાવ્યું હતું. પોલીસ દ્વારા તાત્કાલિક ફોરેન્સિક પોસ્ટમોર્ટમની કાર્યવાહી કરી હતી. બીજે દિવસે ભરૂચ GIDC ની કાંસની ગટરમાં અલગ અલગ જગ્યાએથી માનવ શરીરનો કમરનો ભાગ તથા ડાબો હાથ મળેલ તેમજ ત્રીજા દિવસે જમણો હાથ એમ વિવિધ અંગો મળી આવ્યું હતું.




હાથના ટેટુ તથા અન્ય નિશાનો આધારે મરણજનાર સચીન પ્રવીણસિંહ ચૌહાણ હોવાનું પ્રસ્થાપિત થયું હતું. માનવ અવયવો કોઇ તીક્ષ્ણ હથીયારથી કપાયેલા હોય જેથી મરણજનારના ભાઈએ પોતાના ભાઈનું મર્ડર થયેલ હોય અને તેને મિત્ર એવા શૈલેન્દ્ર વિજય ચૌહાણ તથા તેના સાગરીતો ઉપર શંકા હોય. જેથી તેઓ વિરૂધ્ધમાં ભરૂચ સી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ દાખલ કરાઈ હતી. LCB PI એમ.પી.વાળા દ્વારા ટીમ સાથે તાત્કાલિક બનાવવાળી જગ્યાની વિઝીટ કરી. માથાનો ભાગ મળેલ તેની આસપાસના CCTV ફુટેઝ એકત્રીત કરવા તેમજ અન્ય પુરાવાઓ મેળવવા અલગ અલગ ટીમો બનાવાય હતી. હાથ પર પડાવેલ ટેટુ તથા દાંતની કરાવેલ સર્જરી આધારે મૃતક સચીનની ઓળખ થઈ હતી. સચીન ચૌહાણ 24 માર્ચથી મિસીંગ હોવાનું જણાતા તેની મિત્ર શૈલેન્દ્ર સાથે છેલ્લી બેઠક થઈ હતી.LCB PSI આર.કે. ટોરાણીની ટીમ તપાસ ટીમ દ્વારા એક દિવસ દીલ્હી તથા ઉત્તરપ્રદેશ ખાતે શૈલેન્દ્રના વતનના આસપાસના વિસ્તારમાં વોચ રાખી હતી. શકમંદ ઉત્તરપ્રદેશના બીઝનૌર ખાતેથી પકડી પાડ્યો હતો.

## દહેજ PCPIRને વધુ સંગીન સુદ્રઢ કનેક્ટિવિટી મળશે 6 લેન એલિવેટેડ કોરિડોર માર્ચ-2026 સુધીમાં પૂર્ણ થશે

(પ્રતિનિધિ) ભરૂચ, તા.2

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને વિઝનથી ગુજરાતમાં નિર્માણ થયેલા દહેજ PCPIRને આગામી દિવસોમાં વધુ સંગીન અને સુદ્રઢ રોડ કનેક્ટિવિટી મળતાં વાહન યાતાયાત સાથે રોકાણકારો માટે ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન સરળ બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભરૂચ ની મુલાકાત દરમ્યાન આ હેતુસર ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભરૂચ-દહેજ રોડ પર હાથ ધરાઈ રહેલા અદ્યતન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. ભરુચ-દહેજ રોડ પર ભોલાવ જંકશનથી શ્રાવણ જંકશન સુધીનો ૩.૪૦ કિ.મી. લાંબો છ લેન એલિવેટેડ કોરિડોર અંદાજે રૂ.૪૪૦ કરોડના ખર્ચે આકાર પામી રહ્યો છે. આ જ માર્ગ પર માનુબાર જંકશનથી દહેજ સુધી ૩૮.૫૦ કિ.મી. નો એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે અંદાજે રૂ.૯૭૨ કરોડના ખર્ચે નિર્માણાધિન છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્રતયા ૪૧.૯૦ કિલોમીટરમાં રૂ.૧૪૧૨ કરોડના અંદાજિત ખર્ચે હાથ ધરાઈ રહેલા કામોની સમીક્ષા કરીને પ્રગતિની વિગતો મેળવી હતી.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, દહેજ PCPIR દેશના ચાર PCPIR પૈકીનો એક છે અને ૪૫૩ ચો.કિલોમીટરમાં પથરાયેલા આ ઔદ્યોગિક ઝોનમાં કાર્યરત ઉદ્યોગોમાં અવર-જવર કરનારા સ્થાનિકો, અગ્રણી રોકાણકારો, આસપાસના ગ્રામજનોને ભરૂચ સાથે જોડતો દહેજ-ભરૂચ માર્ગ યાતાયાત માટેનો એક મહત્વપૂર્ણ માર્ગ છે. એટલું જ નહીં, દહેજ PCPIR ઔદ્યોગિક વિસ્તાર તથા દહેજ પોર્ટને અમદાવાદ-મુંબઈ મુખ્ય માર્ગ સાથે જોડતો આ માર્ગ ભારે માત્રામાં વાહનોની અવર-જવરનો ટ્રાફિક પણ ધરાવે છે. વાહન ચાલકો તથા ભરૂચ-દહેજ વચ્ચે અવર-જવર કરતા ઉદ્યોગ-રોકાણકારો, કામદારોનો સમય આ ભરૂચ-દહેજ માર્ગ પરના ૪ જંકશન પર ટ્રાફિક ભારણને કારણે વ્યય થાય છે. જેમાં આ બાબતે CMને પ્રેઝેન્ટેશન જણાવ્યું હતું કે , એલીવેટેડ કોરિડોરના બાંધકામથી ભરૂચથી દહેજ જતાં અંદાજે 60 હજાર વાહન ટ્રાફિકમાંથી કોમર્શિયલ ટ્રાફિક શહેરી વિસ્તારથી અલગ થશે.આ કોરીડોરની 50 ટકા કામગીરી પૂરી થઈ ગઈ છે.